## પૂજ્ય ગુરુદેવ શ્રી

સાધર્મી, ગુરુ ભાઈઓ અને બહેનો. આજે આપણા પૂજ્ય ગુરુદેવ શ્રીના સમાધિ/સ્મૃતિ દિવસ નિમિત્તે મને બે મિનિટનું વક્તવ્ય રજૂ કરવાનું છે. પરંતુ ગુરુદેવ માટે તો આકાશ જેટલા મોટા કાગળ, સમુદ્રના પાણી જેટલી સ્યાહી અને જંગલોના લાકડાની બનાવેલી કલમ થી લખવામાં આવે તો પણ શબ્દો પણ તેમના ગુણાનુવાદ કહેવા માટે ઓછા પડે તેમ છે. પરંતુ મને જે સમય મળ્યો છે એમાં હું પૂજ્ય ગુરુદેવ શ્રીનો જીવન પરિચય નહીં આપું કારણ કે એ તો બધા જાણતા જ હશો. હું આજે મારા હૃદયમાં પૂજ્ય ગુરુદેવ માટે કેવા ભાવ છે તે જણાવીશ.

પૂજ્ય ગુરુદેવશ્રી મહાન છે, યુગપુરુષ છે, ધર્મ ક્રાંતિકારી છે, એ બધી વાત મેં બચપણથી જ સાંભળી છે. હું એવી ધર્મક્ષેત્રથી આવું છું જ્યાં ટોડરમલ સ્મારકના વિદ્વાનોનો ભરપૂર લાભ મળ્યો છે. દરેક વિદ્વાનના મોઢે મેં ગુરુદેવના અપાર ઉપકારની વાત પણ સાંભળી છે. પરંતુ જ્યાં સુધી કોઈ પણ મહાન પુરુષના જીવનનો પરિચય ન મળે ત્યાં સુધી તેના પ્રત્યે મહિમા/ભક્તિ નથી થતી. જ્યારે મને એમની જીવન કથા સાંભળવાનો યોગ પ્રાપ્ત થયો ત્યારે મને ગુરુદેવ માટે અપાર/અમાપ માન અને ભક્તિ જાગી. ખરેખર, પૂજ્ય ગુરુદેવ યુગપ્રવર્તક જ છે. ગુરુદેવે જ મોક્ષમાર્ગનું ઉદ્ઘાટન આ કાળમાં કર્યું છે.

ગુરુદેવને મેં ક્યારેય પ્રત્યક્ષ નથી સાંભળ્યા. એ મારા દુર્ભાગ્ય છે. પરંતુ ગુરુદેવનો પરોક્ષ રીતે લાભ મને રોજ જ મળી રહ્યો છે. આજે આપણે અહીંયા મળ્યા છીએ એ પણ ગુરુદેવનો જ પ્રતાપ છે. ગુરુદેવશ્રીના પ્રતાપે જ આજે આપણે ભરતક્ષેત્રમાં આર્યખંડમાં પણ મલેચ્છ સમાન લોકોની વચ્ચે રહીને પણ તત્ત્વાભ્યાસ કરી રહ્યા છીએ. પૂજ્ય ગુરુદેવના જ પ્રતાપે આ હુંડા પંચમકાળમાં અમેરિકા જેવી country માં પણ આપણે ધર્મના સંસ્કાર ટકાવી શક્યા છીએ.

હું ક્યારેક વિચારું છું કે ગુરુદેવની કેમ આટલી મહિમા આવે છે. ત્યારે આપોઆપ જવાબ મળે છે કે, મહાવીર સ્વામી અને સીમંધર ભગવાને આપેલા સંદેશા ભરતક્ષેત્રમાં આ કાળમાં કુંદકુંદાચાર્ય જેવા આચાર્યો આગમમાં લખીને આપણા સુધી પહોંચાડ્યા. પણ તે મોક્ષમાર્ગ ફક્ત એક પુસ્તકમાં જ બંધ હતા. તેનો મર્મ સમજાવનાર પૂજ્ય શ્રી ગુરુદેવ છે. ગુરુદેવનો મહિમા છે કે આજે આટલા વિદ્વાનો આપણને ધર્મનો મર્મ સમજાવવા માટે તૈયાર છે. આજે જે કાંઈ પણ તત્ત્વનો પ્રચાર ચાલી રહ્યો છે તેમાં ક્યાં ને ક્યાં ગુરુદેવનો જ પ્રતાપ છે.

ગુરુદેવનો જન્મ એવા સમયમાં થયો હતો જ્યારે ધર્મનો સૂર્ય/સાચા મોક્ષમાર્ગ અસ્ત થવાની તૈયારી કરી રહ્યો હતો. લોકો ફક્ત ક્રિયાકાંડમાં જ ધર્મ માનીને બેઠા હતા. મેં પણ દિગંબર સમાજમાં જન્મ લીધો છે. પરંતુ જન્મથી મળેલા સાચા ધર્મની સાચી ઓળખાણ પણ ગુરુદેવ દ્વારા પ્રાપ્ત થઈ છે. હું કહી શકું છું કે મિત્ર પક્ષમાં રહેલા મારા જ પરિવારના કેટલા સભ્યો ફક્ત પૂજા, પાઠમાં જ ધર્મ માને છે. આત્માની તો ક્યાંય વાત જ નથી.

મારી પણ આજ હાલત હોત.
જો ગુરુદેવશ્રી ન હોત તો હું પણ આ જ કાર્યમાં પડી હોત. ગુરુદેવશ્રીએ મને ~~અંધકારમાંથી~~ અંધારા અજ્ઞાનના કૂવામાંથી હાથ આપીને બહાર કરી સત્ય માર્ગ બતાવ્યો છે. આપણી સામે મોક્ષમાર્ગ ને ખુલ્લો મૂકી દીધો છે. હવે જવાબદારી આપણી છે કે આપણે એ માર્ગે આગળ વધીએ.

આપણે જે આજે 'ભગવાન આત્મા' બોલી રહ્યા છીએ એની વાત સાંભળી રહ્યા છીએ એ પણ ગુરુદેવશ્રીએ શીખવાડ્યું છે. ગુરુદેવે પ્રત્યેક જીવને 'ભગવાન આત્મા' બોલતાં શીખવાડ્યું છે. ગુરુદેવે આત્માની સાથે શુદ્ધ શ્રાવકની એકતા કરાવી સાચા અર્થમાં મુમુક્ષુ/આત્માર્થી/જૈન બનાવ્યા છે.

અંતમાં હવે પૂજ્ય ગુરુદેવ માટે ~~એક પંક્તિ~~ બે પંક્તિ રજૂ કરવા માગું છું 'ગુરુદેવ ના હોતે તો આજ ક્યા હોતા, સદ્દર્શન કા સૂર્ય અંત હો ગયા હોતા.' ગુરુદેવે તો સાચા દર્શન, સાચા મોક્ષમાર્ગ રૂપી સૂર્યનો ઉદય આ હુંડા અવસર્પિણી કાળમાં કર્યો છે. હવે એ જવાબદારી આપણી મુમુક્ષુઓની છે કે આ ઉગેલા સૂર્યનો અસ્ત સાડા અઢાર વર્ષ સુધી ન થાય. તો જ ગુરુદેવને સાચા અર્થમાં જીવંત રાખેલા કહેવાય. અને સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ અર્પિત કરી કહેવાય.

પૂજ્ય ગુરુદેવશ્રી આપના ચરણોમાં ભક્તિભાવે વંદન

'જયજિનેન્દ્ર'